ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ
જુની કલેકટર ઓફીસ, કણબીવગા ભરૂચ
ફોન નં-(૦૨૬૪૨)૨૨૨૦૭૫/૨૨૨૦૭૪/૨૨૨૦૭૩
ફેક્ષ નં-૨૨૨૦૭૬ Email: ceo.bauda@gmail.com

બૌડા/બાંધકામપરવાનગી/BH-573/વશી/ ૩૯૭૩ થી ૩૯૭૬ તા.૦૮/૧૨/૨૦૧૭

# બાંધકામ પરવાનગી નં- ૧૦૦૯

પ્રતિ,
શ્રી રજનીકાંત પરસોત્તમભાઈ પટેલ વિ.
રે.C/૦.૧૦૨, ડ્રીમલેન્ડ પ્લાઝા,
નગરપાલિકાની સામે,
ભરૂચ.

વિષય:- મોજે.હલદરવા, તા.જી.ભરૂચના રે.સ.નં.૧૬૦/અ, ક્ષેત્રફળ:-:૩૦૭૫૬.૦૦ ચો.મી. જમીનમાં રહેણાંક હેતુ માટે બાંધકામ પરવાનગી આપવા બાબત.

સંદર્ભ :- (૧) આપની તા.૧૫/૦૫/૨૦૧૫ની અરજી.
(૨) કલેકટરશ્રી, ભરૂચના હુકમ ક્રમાંક:ભુમી/બૌડા/બિ.ખે./વશી/૬૧૪ થી ૬૨૧ તા.૧૭/૦૧/૨૦૧૪

ઉપરોકત વિષય અને સંદર્ભ બાબતે શરતી બાંધકામ પરવાનગી તથા મંજુર કરવામાં આવેલા નકશા આ સાથે સામેલ છે.

બિડાણ :-
(૧) બાંધકામ પરવાનગી પત્ર.
(૨) મંજુર કરેલા નકશા.

મુખ્ય કારોબારી અધિકારી
ભરૂચ-અંકલેશ્વર શહેર
વિકાસ સત્તા મંડળ
ભરૂચ

નકલ રવાના :- (૧) કલેકટરશ્રી, કલેકટર કચેરી, ભરૂચ.
(૨) ગ્રામ પંચાયત હલદરવા, હલદરવા, તા.જી.ભરૂચ
(૩) બાંધકામ પરવાનગી – સિલેકટ ફાઈલ

ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ
જુની કલેકટર ઓફીસ, કણબીવગા ભરૂચ
ફોન નં-(૦૨૬૪૨)૨૨૨૦૭૫/૨૨૨૦૭૪/૨૨૨૦૭૩
ફેક્ષ નં-૨૨૨૦૭૬ Email: ceo.bauda@gmail.com

# બાંધકામ પરવાનગી

શ્રી રજનીકાંત પરસોત્તમભાઈ પટેલ વિ. મોજે.હલદરવા, તા.જી.ભરૂચના રે.સ.નં.૧૬૦/અ, ક્ષેત્રફળ:-:૩૦૭૫૬.૦૦ ચો.મી. થી આવેલ જમીનમાં રજુ કરેલા સુચિત બાંધકામના પ્લાન મુજબ નીચેના પત્રકમાં દર્શાવ્યા મુજબ

**Builtup Area**

| No. | Type | No. of Unit | Ground Floor | First Floor | Terrace Floor ( Stair Cabin) | Total | Gr.Total |
|---|---|---|---|---|---|---|---|
| 1 | A | 35 | 53.49 | 53.49 | 7.56 | 114.54 | 4008.90 |
| 2 | B | 41 | 44.65 | 44.65 | 7.56 | 96.86 | 3971.26 |
| 3 | C | 93 | 39.39 | 39.39 | 7.56 | 86.34 | 8029.62 |
| 4 | D | 4 | 42.18 | 42.18 | 7.56 | 91.92 | 367.68 |
| 5 | E | 1 | 24.36 | 24.36 | 0.00 | 48.72 | 48.72 |
| 6 | F | 2 | 27.99 | 27.99 | 0.00 | 55.98 | 111.96 |
| Total | | 176 | 232.06 | 232.06 | 30.24 | 494.36 | 16538.14 |

**F.S.I. Area**

| No. | Type | No. of Unit | Ground Floor | First Floor | Terrace Floor ( Stair Cabin) | Total | Gr.Total |
|---|---|---|---|---|---|---|---|
| 1 | A | 35 | 53.49 | 53.49 | 0.00 | 106.98 | 3744.30 |
| 2 | B | 41 | 44.65 | 44.65 | 0.00 | 89.30 | 3661.3 |
| 3 | C | 93 | 39.39 | 39.39 | 0.00 | 78.78 | 7326.54 |
| 4 | D | 4 | 42.18 | 42.18 | 0.00 | 84.36 | 337.44 |
| 5 | E | 1 | 24.36 | 24.36 | 0.00 | 48.72 | 48.72 |
| 6 | F | 2 | 27.99 | 27.99 | 0.00 | 55.98 | 111.96 |
| Total | | 176 | 232.06 | 232.06 | 0.00 | 464.12 | 15230.26 |

| જમીનનું ક્ષેત્રફળ (ચો.મી.) | થીક પ્લાન્ટેશન | સેટ બેક | કોમન પ્લોટ (ચો.મી.) | ઓપન સ્પેસ અને માર્જીન |
|---|---|---|---|---|
| ૩૦૭૫૬.૦૦ | ૨૧૯૨.૧૨ | ૧૪૮૭.૫૬ | ૩૪૯૫.૯૦ | ૧૫૯૬૫.૨૯ |

કુલ બિલ્ટઅપ એરીયા : ૧૩૪૦૭.૮૫ ચો.મી. રહેણાંક હેતુ માટે નીચે જણાવેલી ખાસ શરતોને આધીન રહીને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (સને ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ નં.૨૭) ની કલમ – ૨૯/૧ (૧) ૨૯/૧ (૨) ૨૯(૧) (૩) અથવા ૪૯ (૧) (બી) હેઠળ બાંધકામ પરવાનગી આપવામાં આવે છે.

<u>શરતો</u> :-

(૧) આ વિકાસ પરવાનગી આપ્યા તારીખથી ૧૨ માસ સુધી અમલમાં રહેશે તથા આ હુકમની તારીખથી નિયમોનુસાર મળવાપાત્ર સમયમર્યાદામાં આપેલ મંજુરી મુજબનું વિકાસ કાર્ય સમયાંતરે રીન્યુઅલ મેળવી પુર્ણ કરવાનું રહેશે તથા તે અંગેનું સત્તામંડળનું ઓકયુપન્સી સર્ટીફિકેટ મેળવી લેવાનું રહેશે. તેમ ન કરવામાં આવે તો આપેલ વિકાસ પરવાનગી આપો આપ રદ થયેલી ગણાશે તથા તે અન્વયે ભરેલ સિક્યોરીટી ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે.

(૨) આ પરવાનગી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની જોગવાઈઓ હેઠળ એક વર્ષની મુદ્દત માટે માન્ય છે.

(૩) મંજુર કરેલા લે-આઉટ સિવાય વધારાનું બાંધકામ અગાઉથી મંજુરી મેળવ્યા સિવાય કરી શકાશે નહીં. તેમ છતાં બીન-પરવાનગીનું બાંધકામ કરવામાં આવશે તો તે તોડી પાડવામાં આવશે અને સઘળો ખર્ચ પરવાનગી માંગનાર પાસેથી વસુલ કરવામાં આવશે.

(૪) રસ્તા ઉપર પાલખ તેમજ માટી, રોડા, ઈંટ કપચી વિગેરે તેમજ ઇમારતી સામાન આ વિસ્તારમાં પરવાનગી લીધા સિવાય મુકવા નહી યા નાંખવા નહી અને અરજદારે પરવાનગી મેળવી હોય તે ઉપરના સામાનથી અવર-જવર કરનાર વ્યકિતઓને તથા વાહન-વ્યવહાર વિગેરેને કોઇ પણ જાતની હરકત થવી જોઇએ નહી.

(૫) પરવાનગી મુજબનું બાંધકામ પુરૂ થયા પછી સદર મકાનનો ઉપયોગ કરવા માટે બાંધકામ પુરૂ કરવા કંમ્પલીશન સર્ટીફિકેટ મેળવવાનું રહેશે.

(૬) આ પરવાનગી મળ્યેથી સરકારશ્રીનો બીન ખેતીનો ધારો તથા અન્ય રકમો લેન્ડ રેવન્યુ કોડ મુજબ તે પરવાનગી માંગનારને શીરે છે અને તે ભરવાની જવાબદારી પરવાનગી માંગનારની રહેશે.

(૭) શહેરી વિકાસ સત્તામંડળ તરફથી આપશ્રીને જે જમીન ઉપર બાંધકામ બનાવવાની પરવાનગી આપવામાં આવેલ છે તે જમીનની કાયદેસરની માપણી સીટી સર્વે સુપ્રિટેન્ડન્ટશ્રી ભરૂચ ધ્વારા ડી.આઈ.એલ.આરશ્રી ભરૂચ પાસે કરાવી મારવામાં આવેલ ખુંટ શહેરી વિકાસ

સત્તામંડળના સક્ષમ અધિકારીશ્રીને રૂબરૂ બતાવ્યા બાદ બાંધકામ શરૂ કરાવવું તેમ કર્યા સિવાય શરૂ કરાવવા આપના ખર્ચે અને જોખમે બાંધકામ દુર કરવામાં આવશે.

(૮) વિકાસ નકશાની રોડ લાઇન-માર્જિન તરીકે તથા રસ્તા તરીકે ખુલ્લી રાખવાની જગ્યા શહેરી વિકાસ સત્તા મંડળના સક્ષમ અધિકારીશ્રી પાસે સમજી સ્થળે લાઈન આઉટ કરાવ્યા બાદ જ બાંધકામ શરૂ કરાવવું.

(૯) મકાનની પ્લીથ સુધીનું બાંધકામ પુરૂ થયું છે તે અંગેની લેખિત જાણ આ કામના આર્કીટેક્ટના સર્ટીફીકેટ સહિત કરવી અને પ્લીથ ચેકીંગ સર્ટીફીકેટ મળ્યા બાદ જ આગળ કામ શરૂ કરાવવું.

(૧૦) સુચિત બાંધકામમાં પ્લીથનું માંપ નકશા મુજબ સ્થળે જાળવવાનું રહેશે.

(૧૧) વખતોવખત શહેરી વિકાસ સત્તામંડળ તરફથી તથા સરકારશ્રી તરફથી વિકાસ માટેના જે નિયમો કે સુચનાઓ તથા જાહેરાત કરાય તે બંધનકર્તા રહેશે.

(૧૨) ઉપર જણાવેલ શરતોનો ભંગ કરવા બદલ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ ધારો ૧૯૭૬ની કલમ ૨૯/૫, ૩૫, ૩૭, ૪૯/૧ અને ૯૮ વગેરેની જોગવાઈ મુજબ દંડ તથા શિક્ષાને પાત્ર રહેશે.

(૧૩) રજુ થયેલ નકશામાં દર્શાવ્યા મુજબનો વિકાસ કરતાં પહેલા સ્થળે ખાનગી હક્કોને નુકશાન ન થાય તેમ યોગ્ય તે અધિકૃત પ્રવેશ રજુ કરેલ પુરાવા મુજ્બ મેળવી લેવાનો રહેશે.

(૧૪) વાણિજય બાંધકામને લગતા સરકારશ્રીના જુદા જુદા ખાતાઓના નિતી નિયમો પણ અરજદારશ્રીને બંધનકર્તા રહેશે તથા તે અન્વયે સબંધકનું ન વાંધા પ્રમાણપત્ર મેળવી અત્રે રજુ કરવાનું રહેશે.

(૧૫) સરકારશ્રીનો શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય ગાંધીનગરના હુકમ ક્રમાંક:પ૨૨૧/૧૦૨૦૦૦/૧૪૩૭/અ તા.૨૯/૦૪/૨૦૦૦ અન્વયે સદર જમીનમાં વરસાદી પાણીના વહન માટે પરકોલેટીંગ બોરવેલની વ્યવસ્થા રાખવાની રહેશે.

(૧૬) સવાલવાળી જમીનમાંથી કોઈપણ પ્રકારની ઈલેકટ્રીક લાઇન પસાર થતી હોય તો તે અંગે સક્ષમ સત્તાધિકારી ધ્વારા ખાત્રી/ચકાસણી કરાવી તેનાથી છોડાવા પડતા માર્જીનલ અંતરો બાબતે સંબંધિત ખાતાનો અભિપ્રાય મેળવી લેવાનો રહેશે.

(૧૭) નકશામાં દર્શાવેલ મુજબના માપો, માર્જીનો તથા ખુલ્લી જગ્યાઓ સ્થળ ઉપર છોડવાની સંપૂર્ણ જવાબદારી માલિકની, એન્જિનિયરશ્રીની અને આર્કીટેકટશ્રીની રહેશે.

(૧૮) સરકારશ્રીના તા.૨૯/૦૫/૨૦૦૧ના હુકમ ક્રમાંક/પરચ/૧૦૦૨૦૦૧/૪૫૫/L મુજબ વિકાસ નિયમોમાં સ્ટ્રકચરલ ડીઝાઈનનાં નિયમોમાં ભુકંપ માટેની નેશનલ બિલ્ડીંગ કોડ તથા ઈન્ડીયન સ્ટાન્ડર્ડ સ્પેસીફીકેશનની જોગવાઇઓ મુજબના પ્રમાણપત્રો, સોઇલ ટેસ્ટીગ, સ્ટ્રકચરલ સ્ટેબીલીટીના પ્રમાણપત્રોની સક્ષમ અધિકારીશ્રી પાસે ચકાસણી કરાવી લેવાની રહેશે. તથા સેકશન-૨ મુજબ આર્કીટેક્ટ/એન્જીનીંયર/સ્ટ્રકચરલ ડીઝાઈનર/કલાર્ક ઓફ વકર્સ/ડેવલોપર્સ ધ્વારા ઘટતી કાર્યવાહી કરાવવાની રહેશે. તેમજ બાંધકામના દરેક તબક્કે પ્રોગ્રેસ સર્ટીફીકેટ સક્ષમ અધિકારીશ્રી ધ્વારા મેળવી લેવાનું રહેશે. તેમજ બાંધકામ પૂર્ણ થયેથી મકાન વપરાશ પ્રમાણપત્ર પણ સક્ષમ અધિકારીશ્રી પાસેથી મેળવી લેવાનું રહેશે.

(૧૯) સવાલવાળી જમીનનું સોઇલ ટેસ્ટીગ કરાવી તે મુજબની સ્ટ્રકચરલ ડીઝાઈન કરાવવાની રહેશે તથા તે પ્રમાણે સ્ટ્રકચરલ એન્જીનીંયરશ્રીની દેખરેખ હેઠળ બાંધકામ કરવાનું રહેશે.

(૨૦) કોમર્શીયલ/રહેણાંકના ત્રણથી ઉપરના માળ અંગે સ્ટ્રકચરલ ડીઝાઈન અંગેનો એક સેટ અત્રેની કચેરીએ રજુ કરવાનો રહેશે.

(૨૧) શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના હુકમ ક્રમાંક વનમ-૧૦૦૮-૩૨૬૦-લ તા.૧૦/૦૩/૨૦૧૦ ની જોગવાઇ મુજબ કુલ:૪૬૨ વૃક્ષોનું વાવેતર/જાળવણી કરવાની રહેશે.

(૨૨) કોમન પ્લોટ અને થીક પ્લાનટેશનની માલીકી સોસાયટીના તમામ સભ્યોની સંયુકત રહેશે. કોમન પ્લોટ અને થીક પ્લાન્ટેશન વેચી શકાશે નહી. કોમન પ્લોટમાં ગુજરાત વિદ્યુત બોર્ડના ટ્રાન્સફોર્મર માટે અલાયદી જગ્યા રાખવાની રહેશે.

(૨૩) સ્થળે બાંધકામ શરૂ કરતાં પહેલા ૭ (સાત) દિવસ અગાઉ સોઇલ ટેસ્ટ રીપોર્ટ તથા સ્ટ્રકચરલ ડીટેઇલ ડ્રોંઇગ રજુ કરવાના રહેશે.

(૨૪) સદર હું જમીનમાં બિનખેતીનો ઉપયોગ કરતાં પહેલા અન્ય કાયદા હેઠળ પરવાનગી લેવાની થતી હોય તો જે તે સંસ્થા પાસેથી તે મેળવી લેવાની રહેશે.

(૨૫) વિકાસ કામની પરવાનગી સર્વે નંબર/અથવા અંતિમખંડ નંબર અગર પ્લોટમાં અરજદાર જે જમીનમાં માલિક છે તે જમીન પુરતી પરવાનગી આપવામાં આવેલ છે.

(૨૬) આ પરવાનગીના કારણે અરજદારની માલિકી તથા જમીનનો વિસ્તાર તથા ક્ષેત્રફળ અંગેની મંજુરી મળતી નથી, પરંતુ નિયમાનુસાર બાંધકામ અંગેની મંજુરી મળેલ છે.

(૨૭) મંજુર થયેલ પ્લાન મુજબનો વિકાસ શરૂ કરતા પહેલા સાત દિવસ અગાઉ નિયમોનુસારના ડીટેઈલ વર્કીંગ ડ્રોઈંગ તથા સ્ટ્રકચરલ ડ્રોઈંગ અત્રે રજુ રાખી તથા તેના આનુષાંગીક રીપોર્ટસ સમય અંતરે રજુ કરી તથા તબકકાવાર પ્રગતિની અત્રે નિયત નમુનામાં જાણ કરી તપાસ કરાવવાની શરતોએ વિકાસ પરવાનગી આપવામાં આવતી હોઈ તેનો ભંગ થયે આપેલ વિકાસ પરવાનગી આપોઆપ રદ થયેલી ગણાશે.

(૨૮) વિકાસ નકશાને નગર રચના યોજનાની જુદા જુદા વિસ્તારમાં જમીનો અને મકાનોના ઉપયોગ વિશે જે ખાસ નિયમો હશે તેની વિરૂધ્ધનો ઉપયોગ કરી શકાશે નહી.

(૨૯) વિકાસ માટેની અંદર બતાવેલી શરતોમાંની કોઈપણ શરતોનો ભંગ કરવામાં આવશે તો શહેરી વિકાસ સત્તામંડળ તે શરતોનો અમલ કરાવી શકશે અને તેવા કૃત્યને લીધે જે કાંઇ નુકશાન – ખોટ કે હરકત માલિકને થાય તે બદલ કોઇ પણ બદલો મળી શકશે નહી.

(૩૦) મંજુર નંબરમાં બતાવેલી જમીનમાંથી “બૌડા” એ કંઇક જમીન લીધી હશે અગર કોઇ ભાગ તે છોડાવવા હુકમ કરેલો હશે અગર સનદ સિવાયના કોઇ ભાગ “બૌડા” એ કબજો કર્યો હશે તો તે સિવાયના ભાગ માટે વિકાસ પરવાનગી અધિકૃત સનદના માપને આધીન રહીને આપેલ ગણાશે.

(૩૧) વિકાસ પરવાનગી કલમ-૧૭(સી)(૧) હેઠળ પ્રસિધ્ધ કરાયેલ વિનિયમો મુજબ આપવામાં આવી છે અને ખાનગી હક્કોના નુકશાન અંગે સત્તામંડળ કંઇ પણ જવાબદારી લેતી નથી.

(૩૨) આ વિકાસ પરવાનગી પત્ર સત્તામંડળના અધિકૃત અધિકારી/કર્મચારી જોવા માંગે તો તેમને બતાવવા માલિક બંધાયેલ છે. તે નહી બતાવશે તો બાંધકામ બંધ કરવા હુકમ કરશે તે મુજબ બંધ કરવું પડશે.

(૩૩) રસ્તા ઉપર ઇમારતી સામાન અગર પુરણી પ્રથમથી રજા મેળવ્યા સિવાય નાંખવી નહી. રજાથી નાંખેલ પુરણી વિગેરે વ્યવસ્થિત જોઇતું કોર્ડન કરી ટ્રાફીકને અડચણ ન થાય તેમ નાંખવી.

(૩૪) બાંધકામ નીચેની લેન્ડ એકવીઝેશન એકટની/(૧૯૮૪) મુજબ એકવાયર કરવાને સદર એક્ટની કલમ-૪ અન્વયે નોટીફીકેશન નિકળ્યા હશે તો એકવીઝેશન એક્ટ ૨૪ (૭) મુજબ મે.કલેકટર સાહેબની રજા બાંધકામ શરૂ કરતાં પહેલા લેવાની રહેશે.

(૩૫) વખતોવખત શહેરી વિકાસ સત્તામંડળ તરફથી વિકાસ માટેના જે નિયમો તથા જાહેરાત કરાય તે બંધનકર્તા રહેશે.

(૩૬) ઉપર જણાવેલી શરતોનો ભંગ કરવા બદલ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ ની કલમ ૩૫,૩૬,૩૭ ની જોગવાઇ મુજબ દંડ તથા જરૂરી પગલાને પાત્ર થશે.

(૩૭) જો પ્રશ્નવાળી જમીન ઉપર બોજો હશે તો ધિરાણ કરનાર સંસ્થાની શરતો પણ બંધનકર્તા રહેશે.

(૩૮) ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ-૧૯૭૬ સિવાયના અન્ય પ્રવર્તમાન કાયદા હેઠળ લેવાની થતી પરવાનગી મેળવી લેવાની રહેશે.

(૩૯) ફેકટરી બાંધકામને લગતા સરકારશ્રીના જુદા જુદા ખાતાઓના નિતીનિયમો પણ અરજદારને બંધનકર્તા રહેશે.

(૪૦) માર્જીનવાળા ભાગમાં પ્લોટની ફરતે એક બીજાથી ૩.૦૦ મીટરના અંતરે શરત મુજબ વૃક્ષો ઉગાડવાના રહેશે.

(૪૧) ઉપર જણાવેલ કોઇપણ શરતોનો ભંગ કરવામાં આવશે તો આપેલી પરવાનગી આપોઆપ રદ થયેલી ગણાશે.

(૪૨) શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, ગાંધીનગરના તા.૧૩/૦૫/૨૦૧૦ ના પત્ર ક્રમાંક:પરચ-૧૦૨૦૧૦-૨૭૭૬ થી જણાવ્યા મુજબ બોરવેલ/ટયુબવેલમાં નાના બાળકો પડી જવાની દુર્ઘટનાઓ નિવારવા માટે સર્વોચ્ચ અદાલતે નક્કી કરેલ ગાઇડ લાઇન મુજબ તકેદારીના પગલાં લેવાના રહેશે.

(૪3) સદર પરવાનગી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ-૧૭(સી)(૧)હેઠળ તા.૨૮/03/૨૦૧૭ જાહેરનામાં ક્રમાંક:GH/V/54 of 2017 DVP-202013-4903-L તથા તા.૨૬/૦૫/૨૦૧૭ ના સુધારા હેઠળના જાહેરનામાં ક્રમાંક:GH/V/102 of 2017 DVP-202013-4903-L થી મંજુર કરેલ વિકાસ યોજના તથા જીડીસીઆરની જોગવાઈઓને આધીન આપેલ છે.

(૪૪) સદર પરવાનગી ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ-૧૭(સી)(૧)હેઠળ તા.૨૮/03/૨૦૧૭ જાહેરનામાં ક્રમાંક:GH/V/54 of 2017 DVP-202013-4903-L તથા તા.૨૬/૦૫/૨૦૧૭ ના સુધારા હેઠળના જાહેરનામાં ક્રમાંક:GH/V/102 of 2017 DVP-202013-4903-L થી મંજુર કરેલ વિકાસ યોજના તથા જીડીસીઆરની જોગવાઈઓને આધીન આપેલ છે. સરકારશ્રી દ્વારા સદર વિકાસ યોજના તથા જીડીસીઆરમાં કે ઝોનીંગ બાબતે જો અંતિમ યોજના મંજુર થએથી ફેરફાર થાય તો તે મુજબ થયેલ ફેરફારને આધીન રીવાઈઝડ નકશા મંજુર કરાવી લેવાના રહેશે.

(૪૫) સદર બાંધકામ પરવાનગી સવાલવાળી જમીન માટે તા.૨૮/૦૮/૨૦૧૭ થી વિકાસ પરવાનગી, સી.ઓ.પી, વૃક્ષારોપણ , વોટર રીચાર્જીગ, એચ.એફ લેવલ, કોર્ટ મેટર વિગેરે બાબતે આપેલ બાંહેધરીની વિગતો જમીનમાલિકને બંધનકર્તા રહેશે.

(૪૬) કલેકટરશ્રી, ભરૂચના બીનખેતી હુકમ ક્રમાંક:ભુમી/બૌડા/બિ.ખે/વશી/૬૧૪ થી ૬૨૧, તા.૧૭/૦૧/૨૦૧૪ માં નિર્દીષ્ટ શરતોનું પાલન કરવાનું રહેશે.

(૪૭) રજુ થયેલ પ્લાનમાં બતાવ્યા મુજબ લાગુ રસ્તાના સેટબેક હેઠળની જમીન રસ્તા માટે કાયમ ખુલ્લી રાખવાની રહેશે. અને તેમા કોઈ પણ જાતનું બાંધકામ કરવાનું રહેશે નહિ તથા તેને આધીન તા.૧૭/૧૨/૨૦૧૫ થી રજુ થયેલ બાંહેધરી જમીનમાલિક/અરજદારશ્રીને બંધનકર્તા રહેશે.

મોજે.હલદરવા, તા.જી.ભરૂચના રે.સ.નં.૧૬૦/અ, ક્ષેત્રફળ:-:૩૦૭૫૬.૦૦ ચો.મી પરત્વે

યુનિટ:-૧૭૬

એ-ટાઈપ:-૪૦૦૮.૯૦ ચો.મી., બી-ટાઈપ:૩૯૭૧.૨૬ ચો.મી., સી-ટાઈપ:-૮૦૨૯.૬૨ ચો.મી., ડી-ટાઈપ:-૩૬૭.૬૮ ચો.મી., ઈ-ટાઈપ:-૪૮.૭૨ ચો.મી., એફ-ટાઈપ:-૧૧૧.૯૬ ચો.મી. કુલ બિલ્ટઅપ એરીયા:-૧૬૫૩૮.૧૪ ચો.મી.

બાંધકામ પરવાનગી નં. ૧૦૦૯
નં.બૌડા/બાંધકામપરવાનગી/વશી/ ૩૯૭૩ થી ૩૯૭૬
ભરૂચ-અંક્લેશ્વર શહેરી વિકાસ સત્તામંડળ, ભરૂચ
તા.૦૮ /૧૨/૨૦૧૭

મુખ્ય કારોબારી અધિકારી
ભરૂચ-અંકલેશ્વર શહેરી વિકાસ સત્તા મંડળ
ભરૂચ